અન્ય પછાતવર્ગો માટેના કાયમી પંચની
કચેરીના મહેકમની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સકપ/૧૧૯૪/૩૫૫/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૦-૨-૧૯૯૬.

વંચાણે લીધા:-૧. સમાજ કલ્યાણ વિભાગના તા.૧૦/૨/૯૫ના ઠરાવ ક્રમાંક:-સકપ/૧૧૯૪/૩૫૫/અ.

૨. સચિવશ્રી,અન્ય પછાત વર્ગો માટેના પંચનો તા.૧૭/૧/૯૬ના પત્ર ક્રમાંક:-મકમ/૧૧૯૩/૧૨૨/પંચ.

ઠ રા વ :-

ઉપરોકત આમુખ-૧ માં દર્શાવેલ તા.૧૦/૨/૯૫ના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેના પંચની કચેરી માટે નીચે મુજબની જગ્યાઓની મુદત તા.૨૯/૨/૯૬ના રોજ પૂર્ણ થતાં તેની મુદત લંબાવવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી. પ્રસ્તુત બાબતે પૂર્ણ વિચારણાને અંતે નીચે મુજબની જગ્યાઓ નાણાં વિભાગની પૂર્વ મંજૂરી સિવાય ખાલી જગ્યાઓ ભરી શકાશે નહીં.તે શરતે આ ૨૧ જગ્યાઓની મુદત તા.૨૮/૨/૯૭ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ. | જગ્યાનું નામ. | જગ્યાનું પગાર ધોરણ (રૂપિયા) | જગ્યાની સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | પંચના સચિવશ્રી | ૫૯૦૦-૬૭૦૦ | ૧ |
| ૨. | પંચના રહસ્ય સચિવ, (અંગ્રેજી ગ્રેડ-૧) | ૨૦૦૦-૩૫૦૦ | ૧ |
| ૩. | સેકશન અધિકારી | ૨૦૦૦-૩૫૦૦ | ૧ |
| ૪. | સમાજ કલ્યાણ અધિકારી, | ૨૦૦૦-૩૫૦૦ | ૧ |
| ૫. | સંશોધન અધિકારી | ૨૦૦૦-૩૫૦૦ | ૧ |
| ૬. | સચિવશ્રીના અંગત સચિવ | ૧૬૪૦-૨૯૦૦ | ૧ |
| ૭. | મદદનીશ | ૧૬૪૦-૨૯૦૦ | ૧ |
| ૮. | સંશોધન મદદનીશ | ૧૬૪૦-૨૯૦૦ | ૧ |
| ૯. | મદદનીશ,સમાજ કલ્યાણ અધિકારી. | ૧૬૪૦-૨૯૦૦ | ૧ |
| ૧૦. | ભાષાંતરકાર (ગુજરાતીમાંથી અંગ્રેજી) | ૧૬૪૦-૨૯૦૦ | ૧ |
| ૧૧. | કલાર્ક-કમ-કેશીયર | ૯૫૦-૧૫૦૦ | ૧ |
| ૧૨. | ટાઈપીસ્ટ,ગુજરાતી | ૯૫૦-૧૫૦૦ | ૧ |
| ૧૩. | કલાર્ક-કમ-ટાઈપીસ્ટ(અંગ્રેજી) | ૯૫૦-૧૫૦૦ | ૧ |
| ૧૪. | કલાર્ક | ૯૫૦-૧૫૦૦ | ૨ |
| ૧૫. | ડ્રાઈવર | ૯૫૦-૧૫૦૦ | ૧ |
| ૧૬. | પટાવાળા | ૭૫૦-૯૪૦ | ૫ |
| | | કુલ:- | ૨૧ |

પાછળ......

ઉપરોકત મહેકમનો ખર્ચ નીચેના બજેટ હેડ હેઠળ આ ખર્ચ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

માંગણી ક્રમાંક:-માંગણી નં.૯૬(પ્લાન)

મુખ્ય સદર:-૨૨૨૫-અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિઓ અને
અન્ય પછાત વર્ગોનું કલ્યાણ.

પેટા મુખ્ય સદર-૦૩-પછાત વર્ગોનું કલ્યાણ.

ગૌણ સદર-૮૦૦-અન્ય ખર્ચ.

પેટા સદર:બીસીકે-૬૬(પ)સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો
માટે આયોગ.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીની તા.૮-૨-૯૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી.એમ.વર્મા )
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

નકલ રવાના:-
માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,જુના સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી,અન્ય પછાતવર્ગો માટેનું પંચ, બંગલા નં.૨૨૮/એ,'ખ'ટાઈપ,
સેકટર-૧૯, ગાંધીનગર.
એકાઉ-૮-૮ જનરલ,રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારી,ગાંધીનગર/અમદાવાદ.
નાણાં સલાહકારશ્રી,સમાજ કલ્યાણ વિભાગ.
નાણાં વિભાગ, ક./ક.૧ શાખા,
સિલેકટ ફાઈલ.